| GJDH090002722014 | | |
|---|---|---|
| | RECEIVED ON | 05-06-2014 |
| | REGISTERED ON | 05-06-2014 |
| | DECIDED ON | 20-01-2022 |
| | DURATION | DYS. MTHS. YRS |
| | | 15 07 07 |



**દાહોદ જિલ્લાની મજુર અદાલતના કર્મચારી વળતર ધારા હેઠળ નીમાયેલા કમિશનર શ્રી ડી.જે.ચૌહાણ સમક્ષ, દાહોદ**

**વ.કો.(ફેટલ) અરજી નં.૮/૨૦૧૪**
**આંક–**

| **<u>અરજદારઃ–</u>** | | **<u>ઉ.વ.</u>** | **<u>ધંધો</u>** | **<u>રહેવાસી</u>** |
|---|---|---|---|---|
| ગુજરનાર જીગ્નેશકુમાર અભેસિંગ બારીઆના વારસદારો | | | | |
| **(૧)** | અભેસિંગ ફતાભાઈ બારીઆ | ૪૨ | ખેતી | પીપળીયા, તા.લીમખેડા, જી.દાહોદ |
| **(૨)** | કવિતાબેન અભેસિંગ બારીઆ ગુજરનારની માતા | ૪૦ | " | " " " |

**વિરૂધ્ધ**

| **<u>સામાવાળાઃ–</u>** | | | | |
|---|---|---|---|---|
| **(૧)** | ભરતભાઈ લાલજીભાઈ પ્રજાપતિ | પુખ્ત | કોન્ટ્રાકટર | વૈશાલી ટાંકીની સામે, નિલકંઠ સોસાયટી, નડીયાદ, જી.ખેડા |
| **(૨)** | કર્મવીર બિલ્ડર્સ (લેન્ડ ડેવલોપરસ એન્ડ બિલ્ડર્સ) (આંક–૨૦ મુજબ જોડયા) | – | – | કર્મવીર ટાવર્સ, સીટી જીનખાના સામે, કપડવંજ રોડ, નડીયાદ. |
| **(૩)** | (જતિનભાઈ ઘનશ્યામભાઈ પટેલ) (આંક–૨૦ મુજબ જોડયા) (ગુજરી જવાથી આંક–૩૪ મુજબ ડીલીટ કર્યા) | – | – | નવધરા, નવું ફળીયુ, છોટીયાવાડ, નડીયાદ |

**હાજર રહયા :–** અરજદારો તરફે વિ.વ.શ્રી પી.આઈ.રાવલ
સામાવાળા નં.૧ તરફે વિ.વ.શ્રી ડી.એસ.કાપડીયા
સામાવાળ નં. ૨ તરફે વિ.વ.શ્રી સંજય જે.રાઠોડ

**–:: હુકમ ::–**

**(૧)** સદર અરજી આ કામના અરજદારોએ કામદાર વળતર ધારો–૧૯૨૩ કે જે હવે કર્મચારી વળતર ધારા તરીકે ઓળખાય છે (કે જેને હવે પછી કાયદા તરીકે ઉલ્લેખવામાં આવશે.) ની જોગવાઈઓ હેઠળ દાખલ કરી  તેઓના ગુજરનાર પુત્ર જીગ્નેશભાઈ અભેસિંહ બારીઆનું સામાવાળાની નોકરી દરમ્યાન અને નોકરીના કારણે અકસ્માત મૃત્યુ થયેલ છે તેમ જણાવી તેના વળતરની રકમ રૂા.૧૧,૦૦,૦૦૦/– વ્યાજ, ખર્ચ અને પેનલ્ટી સહિત સામાવાળાઓ પાસેથી વસુલ અપાવવા દાદ માંગેલ છે.

**(૨)** અરજદારોની અરજીની વિગત ટુંકમાં એવી છે કે, તેઓનો ગુજરનાર પુત્ર જીગ્નેશકુમાર અભેસિંહ બારીઆ સામાવાળાના ત્યાં સેન્ટીંગની કામગીરી દૈનિક રૂા.૩૦૦/– લેખે માસીક રૂા.૯૦૦૦/– થી કરતો હતો અને તા.૨૭/૧/૧૪ ના રોજ સામાવાળાની સુચના મુજબ મનજીપુરા કર્મવીર સોસાયટી, નડીયાદ મુકામે નવીન મકાનોની સેન્ટીંગની કામગીરી કરતો હતો તે સમયે આશરે બપોરના ૩:૦૦ વાગ્યાના સુમારે સેન્ટીંગ કામની પ્લેટો ખોલવાનું કામ કરતા પગ લપસી જવાથી પહેલા માળેથી નીચે જમીન ઉપર પડી જતાં તેમના પુત્રને ડાબા હાથે કાંડાના ભાગે ફેકચર થયેલ અને કમરના ભાગે મણકામાં છાતીમાં ગંભીર પ્રકારની ઈજા થયેલી. જેથી સામાવાળા પ્રાઈવેટ સાધન કરી નડીયાદ મુકામે આવેલ અમી મલ્ટીસ્પેશ્યાલીસ્ટ હોસ્પીટલમાં અંદરના દર્દી તરીકે દાખલ કરવામાં આવેલા. ત્યાં તેમના પુત્રના ડાબા હાથે કાંડાના ભાગે ઓપરેશન કરી સળીયા નાંખવામાં આવેલા અને છાતીમાં ગેબી માર વાગેલ હોય અને મણકામાં ફેકચર થયેલ હોઈ સારૂ ન થતાં તેમને તા.૩૧/૦૧/૧૪ સીવીલ હોસ્પીટલ અમદાવાદ મુકામે દાખલ કરવામાં આવેલા. જયાં તા.૩૧/૦૧/૧૪ થી તા.૦૬/૦૨/૧૪ સુધી અંદરના દર્દી તરીકે સારવાર લેવી પડેલી અને સારવાર દરમ્યાન તા.૦૬/૦૨/૧૪ ના  રોજ તેમના પુત્રનું મૃત્યુ થયેલ હતુ. તેમના પુત્રના અકસ્માત સમયે ગુજરનાર સાથે સેન્ટીંગના કારીગર તરીકે કામ કરતા અમથાભાઈ માનસીંગભાઈ પટેલ, દિપકભાઈ છગનભાઈ પરમાર હાજર હતા અને ગુજરનારને અકસ્માત ઈજા થતાં સામાવાળા તથા આ બંને કારીગરો ગુજરનારને દવાખાને લઈ ગયેલ હતા. સામાવાળાને અકસ્માતની જાણ હોવા છતાં વળતરની રકમ ચુકવી આપેલ ન હોઈ આ અરજી કરવાની જરૂરીયાત ઉભી થયેલ છે. તેઓના ગુજરનાર પુત્રની અકસ્માત સમયે ઉંમર ૨૦ વર્ષની હતી અને પગાર દૈનિક રૂા.૩૦૦/– લેખે ૩૦ દિવસના રૂા.૯૦૦૦/– ના ૫૦% રૂા.૪૫૦૦/– ને રીલેવન્ટ ફેકટર વડે ગુણતા રૂા.૧૧,૦૦,૦૦૦/– વળતરની રકમ સામાવાળા ચુકવી આપે તેવો હુકમ કરવો જોઈએ. સામાવાળાએ વળતરની રકમ ચુકવી આપવાનું આશ્વાસન આપતા તેઓએ પોલીસ ફરીયાદ કરેલ ન હતી. પરંતુ, તેઓએ નડીયાદ પોલીસ સ્ટેશનમાં જાણવા જોગ અરજી આપેલ છે. જેથી માંગ્યા મુજબની વળતરની રકમ વ્યાજ, ખર્ચ અને પેનલ્ટી સહિત આ કામના સામાવાળા ચુકવી આપે તેવો હુકમ કરવો જોઈએ.

**(૩)** સામાવાળા નં.૧ એ આંક–૧૩ થી લેખિત જવાબ રજુ કરી અરજદારોની અરજીની વિગતોની સત્યતાને નકારી જણાવેલ છે કે, અરજદારે સત્ય હકીકત છુપાવી અધુરી ઉપજાવી કાઢેલ હકીકતો મોઘમ રીતે જણાવેલ છે. અરજદારે સદર હકીકત સાચા ઠોસ દસ્તાવેજી પુરાવા થકી સાબીત કરવી જોઈએ. ગુજરનાર તેમના ત્યાં મજુરી કામ કરતા હતા કે તેઓએ કોઈ વેતન ચુકવેલ નથી. તેઓ સોસાયટી બનાવવાની કામગીરી કરતા હોવાની હકીકત ખોટી જણાવેલ છે. તેઓએ સોસાયટીનો લેબર કોન્ટ્રાકટ રાખેલ ન હતો. તેઓની જાણ મુજબ કર્મવીર બિલ્ડર્સનાએ આ સોસાયટીનું લેબર કોન્ટ્રાકટ

લીધેલ છે. અરજદારનો ગુજરનાર પુત્ર કયારે કયાંથી પડી ગયેલ અને તેને શું ઈજા થયેલ તે અંગેની તેઓને કોઈ માહીતી નથી. કારણ કે તેઓ સદર સાઈડ ઉપર કામગીરી કરતા ન હતા. જેથી ગુજરનારને દવાખાને પણ લઈ ગયેલ ન હતા. ગુજરનારના અવસાન અને ઈજા અંગેની તેઓને કોઈ માહીતી નથી. અરજદારના ગુજરનાર પુત્ર તેમના મજુર કે કામદાર નથી. તેઓ તેમની પાસે કામ કરતા ન હતા. કર્મવીર સોસાયટી, મનજીપુરા નડીયાદની આ સાઈટનું કામ તેઓએ રાખેલ નથી. જેથી ત્યાં અકસ્માત થાય તે બદલ તેઓ જવાબદાર થતા ન હોઈ અરજદારની અરજી રદ કરવી જોઈએ.

**(૪)** સામાવાળા નં.૧ તરફે આંક–૧૯ ની અરજી સાથે કર્મવીર બિલ્ડર્સે આપેલ પ્રમાણપત્ર રજુ કરી કર્મવીર બિલ્ડર્સ અને કર્મવીર સોસાયટીના લેબર કોન્ટ્રાકટર જતિનભાઈ ઘનશ્યામભાઈ પટેલને આ કામે પક્ષકાર તરીકે જોડવા દાદ માંગેલ છે. જે અરજી નીચે થયેલ હુકમ મુજબ સુચિત પક્ષકારને આ કામે સામાવાળા નં.૨ અને ૩ તરીકે જોડવાનો અને તે મુજબ વળતર અરજીમાં સુધારો કરવાનો હુકમ કરવામાં આવેલ છે.

**(૫)** આ કામે સામાવાળા નં.૨ તરફે વિ.વ.શ્રી સંજય.જે.રાઠોડ હાજર થયા બાદ લેખિત જવાબ રજુ કરવામાં આવેલ નથી.

**(૬)** અરજદાર તરફે આંક–૩૪ થી સામાવાળા નં.૩ ગુજરી જવાથી તેઓને આ કામે ડીલીટ કરવા અરજી આપતાં તે અરજી નીચે હુકમ કરી સામાવાળા નં.૩ ને આ કામે પક્ષકાર તરીકે ડીલીટ કરવાનો અને તે મુજબ આંક–૦૧ ની અરજીમાં સુધારો કરવાનો હુકમ કરવામાં આવેલ છે.

**(૭)** આ કામે અરજદારો તરફે આંક–૦૩ ના લીસ્ટથી નિ.૩/૧ થી નિ.૩/૩ ના અને આંક–૧૫ ના લીસ્ટથી નિ.૧૫/૧ થી નિ.૧૫/૭ ના નીચે મુજબના દસ્તાવેજો રજુ કરવામાં આવેલા છે. જે પૈકી નિ.૩/૧ થી નિ.૩/૩ ના દસ્તાવેજોની અસલ નિ.૧૫/૧, નિ.૧૫/૩ અને નિ.૧૫/૬ થી રજુ કરેલી છે.

| ક્રમ | દસ્તાવેજનો પ્રકાર | તારીખ | અસલ/નકલ | આંક |
|---|---|---|---|---|
| ૧ | અરજદારે નડીયાદ પોલીસ સ્ટેશનમાં બનાવ સંબંધે જાણવા જોગ ફરીયાદ લેવા બાબતે આપેલ અરજી. | તા.૦૮/૦૪/૧૪ | અસલ | નિ.૧૫/૧ |
| ૨ | પી.એસ.આઈ.નડીયાદ મુકામે જાણવા જોગ ફરીયાદ મળ્યા બાબતે પોસ્ટ ઓફીસ ધ્વારા પરત આવેલ રીટન એકનોલેજમેન્ટ રસીદ | તા.૧૦/૦૪/૧૪ | અસલ | નિ.૧૫/૨ |
| ૩ | ગુજરનાર જીગ્નેશને તાત્કાલીક કરાવેલ સારવાર બાબતે અમી મલ્ટીસ્પેશ્યાલીટી હોસ્પીટલમાંથી આપવામાં આવેલ મેડીકલ સર્ટીફિકેટ | તા.૩૧/૦૧/૧૪ | અસલ | નિ.૧૫/૩ |

| | | | | |
|---|---|---|---|---|
| ૪ | ગુજરનાર જીગ્નેશકુમારને વધુ સારવાર અર્થે સિવિલ હોસ્પીટલ અમદાવાદ મુકામે ટ્રાન્સફર કરવામાં આવેલા તે બાબતે સિવિલ હોસ્પીટલ અમદાવાદનો રીપોર્ટ. | તા.૩૧/૦૧/૧૪ થી તા.૦૬/૦૨/૧૪ | અસલ | નિ.૧૫/૪ |
| ૫ | ગુજરનારની ઉંમર બાબતે લીંવીગ સર્ટીફિકેટ | તા.૨૦/૦૭/૧૨ | નકલ | નિ.૧૫/૫ |
| ૬ | ગુજરનારના મરણનો દાખલો. | તા.૦૪/૦૩/૧૪ | અસલ | નિ.૧૫/૬ |
| ૭ | ગુજરનાર જીગ્નેશકુમારને દવાખાનામાં દાખલ કરેલ ત્યારે દવા સારવાર, એક્ષરે વિગેરે પાછળ થયેલ ખર્ચ બાબતે મેડીકલ બીલ | તા.૨૭/૦૧/૧૪ થી તા.૦૫/૦૨/૧૪ | અસલ | નિ.૧૫/૭ |

**(૮)** સામાવાળા નં.૧ તરફે આંક–૪૫ ના લીસ્ટથી નિ.૪૫/૧ થી તેઓની સાઈટ ઉપર કામ કરતા મજુરોની ઉતરાવેલ વીમા પોલીસીની અસલ કોપી રજુ કરેલ છે.

**(૯)** આ કામે પોસ્ટના કવર મારફતે સામાવાળા નં.૩ જતીનભાઈ ઘનશ્યામભાઈ પટેલના મરણના પ્રમાણપત્રની નકલ તેમજ ન્યુઝ પેપરના કટીંગની નકલ રજુ થયેલી છે.

**(૧૦)** અરજદાર નં.૧ એ આંક–૧૭ થી એફિડેવીટ પર જુબાની આપેલ છે. તેઓની સામાવાળા નં.૧,૨ તરફે ઉલટ થયા બાદ અરજદારો તરફે સાક્ષી તરીકે દિલીપભાઈ છગનભાઈ બારીયાએ આંક–૪૦ થી એફિડેવીટ પર જુબાની આપેલ છે. તેઓની સામાવાળા નં.૧ તરફે ઉલટ થયા બાદ સામાવાળા નં.૨ હાજર ન રહેતા, આંક–૪૧ હેઠળ હુકમ કરી સામાવાળા નં.૨ નો ઉલટનો હકક બંધ કરવામાં આવેલ છે.

આંક–૪૨ ની પુરસીસથી અરજદારોએ તેમના પુરાવા બંધ જાહેર કરેલા છે.

**(૧૧)** આ કામે સામાવાળા નં.૧ તરફે ભરતભાઈ લાલજીભાઈ પ્રજાપતિએ આંક–૪૬ થી એફિડેવીટ પર જુબાની આપેલ છે. તેઓની અરજદાર તરફે ઉલટ થયા બાદ સામાવાળા નં.૨ હાજર ન રહેતા આંક–૪૮ હેઠળ હુકમ કરી સામાવાળા નં.૨ નો ઉલટનો હકક બંધ કરવામાં આવેલ છે.

આંક–૪૯ ની પુરસીસથી સામાવાળા નં.૧ એ તેમના પુરાવા બંધ જાહેર કરેલા છે.

**(૧૨)** સામાવાળા નં.૨ તરફે સાક્ષી પુરાવા રજુ ન થતાં આંક–૫૦ હેઠળ હુકમ કરી તેમનો પુરાવો રજુ કરવાનો હકક બંધ કરવામાં આવેલો છે.

**(૧૩)** અરજદારો તરફે આંક–૫૨ થી લેખિત દલીલો રજુ કરવામાં આવેલ છે. સામાવાળા નં.૧ તરફે આંક–૫૪ થી લેખિત દલીલો રજુ કરવામાં આવેલ છે. જયારે સામાવાળા નં.૨ તરફે દલીલ માટે કોઈ હાજર ન રહેતા આંક–૫૫ હેઠળ હુકમ કરી તેમની દલીલનો હકક બંધ કરવામાં આવેલો છે.

**(૧૪)** દલીલો ધ્યાને લીધી. રેકર્ડ વંચાણે લીધુ. મારા નિર્ણય અર્થે મારા પુરોગામીશ્રીએ આંક–૧૪ થી નીચે મુજબના મુદ્દાઓ ઉપસ્થિત કરેલા છે.

**મુદ્દાઓઃ–**

(૧) શું અરજદાર– ગુજરનાર સ્વ.શ્રી જીગ્નેશકુમાર અભેસીંગ બારીયાના કાયદેસરના આશ્રિત છે?

(ર) શું અરજદાર પુરવાર કરે છે કે ગુજરનાર અને સામાવાળાઓ વચ્ચે નોકર/ માલિકનો સંબંધ હતો?

(૩) ગુજરનારનું અવસાન સામાવાળાઓને ત્યાં ચાલુ નોકરી દરમ્યાન અને નોકરીના કારણે અકસ્માતે ઈજાઓ થવાથી મૃત્યુ પામ્યુ છે?

(૪) અકસ્માતની તારીખે ગુજરનારનો માસીક પગાર શો હતો? તથા તેમની ઉંમર/વર્ષ કેટલા હતા?

(પ) શું અરજદારો સામાવાળાઓ પાસેથી વળતરની રકમ મેળવવા હકકદાર થાય છે?

(૬) શું અરજદાર વળતર ઉપરાંત પેનલ્ટી, વ્યાજ, ખર્ચ સામાવાળાઓ પાસેથી મેળવવા હકકદાર થાય છે?

(૭) આખરી શો હુકમ ?

**(૧૫)** ઉપરોકત મુદાઓના મારા નિર્ણય નીચે મુજબ છે

(૧) હકારમાં

(ર) સામાવાળા નં.ર પૂરતો હકારમાં.

(૩) સામાવાળા નં.ર પૂરતો હકારમાં.

(૪) વળતરની ગણતરી માટે માસીક રૂા.૮૦૦૦/–, ઉંમર ૧૯ વર્ષ.

(પ) સામાવાળા નં.ર પૂરતો હકારમાં.

(૬) વ્યાજ અને પેનલ્ટી માટે નકારમાં

(૭) આખરી હુકમ મુજબ.

**(૧૬)** મારા નિર્ણયના કારણો નીચે મુજબ છે.

**(એ)** આ કામે પ્રથમ મુદ્દો અરજદારો ગુજરનારના કાયદેસરના આશ્રિત છે કે કેમ? તે બાબતનો છે. આંક–૦૧ ની અરજી જોતાં, અરજદારો ગુજરનારના માતા–પિતા થાય છે અને તેમનો પુત્ર ગુજરી જવાથી તેઓ લાચાર અને નિઃસહાય થઈ ગયેલા છે તેમ જણાવેલું છે. અરજદાર નં.૧ એ આંક–૧૭ થી એફિડેવીટ પર આપેલ જુબાનીથી અરજીની વિગતોને સમર્થન આપેલ છે. સામાવાળાઓ તરફે ઉલટ તપાસમાં કયાંય તેઓ ગુજરનારની આવક ઉપર અંશતઃ કે પુરેપુરા આશ્રિત ન હતા તે બાબતે કોઈ પ્રશ્ન પુછવામાં આવેલો નથી કે વિરૂધ્ધના કોઈ પુરાવા રેકર્ડ ઉપર લાવવામાં આવેલ નથી. અરજદાર નં.૧ ખેતી કામ કરે છે તેવુ અરજીમાં જણાવેલ છે. પરંતુ, આ કામે ખેતીમાંથી કેટલી આવક અરજદાર નં.૧ મેળવતા હતા? તેની કોઈ વિગત રેકર્ડ ઉપર આવેલ નથી. સામાન્ય રીતે વતનમાં મજુરી ન મળવાથી કે આવક ઓછી હોવાના કારણે વતન છોડી અન્ય જગ્યાએ મજુરી કામ માટે સંતાનોને મોકલવામાં આવે છે અને આવા સંતાનોની આવકનો ઉપયોગ માતા–પિતા તેમના ભરણપોષણ માટે કરતા હોય છે. ઓછી આવક ધરાવતા કુટુંબમાં ઘરના તમામ સભ્યોની આવક ઘર ખર્ચ માટે વપરાતી હોય છે. ગુજરનારના મૃત્યુ સમયે લગ્ન થયેલ હતા તેવી કોઈ

વિગત રેકર્ડ ઉપર આવેલ નથી અને ગુજરનાર અકસ્માત સમયે ૧૯ વર્ષની ઉંમરના હતા તે ધ્યાને લેતાં સ્વભાવિક રીતે જ માતા–પિતાને ભરણપોષણમાં આર્થિક રીતે મદદરૂપ થવાના હેતુસર ગુજરનાર વતન છોડીને અન્ય જિલ્લામાં મજુરી કામ માટે ગયેલા તેવું માનવાને કારણ રહે છે. જેથી વિરૂધ્ધના પુરાવાના અભાવે અરજદારનં.૧,૨ ગુજરનારના માતા–પિતા થતા હોઈ અરજદારો ગુજરનારની આવક ઉપર અંશતઃ આશ્રિત બને છે અને તેઓનો સમાવેશ કાયદાની કલમ–૨(૧)(ડી) થી આપેલ આશ્રિતની વ્યાખ્યામાં થઈ જતો હોઈ મુદ્દા નં.૧ નો જવાબ હકારમાં આપવામાં આવે છે. કાયદાની કલમ–૨(૧)(ડી) થી આપેલ આશ્રિતની વ્યાખ્યા નીચે મુજબ છે.

**Sec.2(1)(d)**

"dependant means" any of the following relatives of deceased employee, namely :-

**i** a widow, a minor legitimate or adopted son, an unmarried legitimate or adopted daughter or a widowed mother; and

**ii** if wholly dependant on the earnings of the employee at the time of his death, a son or a daughter who has attained the age of 18 years and who is infirm;

**iii** if wholly or in part dependant on the earnings of the employee at the time of his death,-

- **a** a widower
- **b** a parent other than a widowed mother,
- **c** a minor illegitimate son, an unmarried illegitimate daughter or a daughter legitimate or illegitimate or adopted if married and a minor or if widowed and a minor,
- **d** a minor brother or an unmarried sister or a widowed sister if a minor,
- **e** a widowed daughter-in-law,
- **f** a minor child of a pre-deceased son,
- **g** a minor child of a pre-deceased daughter where no parent of the child is alive, or
- **h** a paternal grandparent if no parent of the employee is alive;

Explanation : For the purposes of Subclause (ii) and items (f) and (g) of subclause (iii), references to a son, daughter or child include an adopted son, daughter or child respectively.

**(બી)** આ કામે બીજો મુદ્દો ગુજરનાર અને સામાવાળા વચ્ચે કામદાર–માલિકના સંબંધો હતા કે કેમ? તે બાબતનો છે. સદર બાબતે રેકર્ડ જોતાં, આ કામે અરજદારોની રજુઆત એવી છે કે, તેમનો દિકરો જીગ્નેશ સામાવાળાના ત્યાં સેન્ટીંગની કામગીરી દૈનિક રૂ.૩૦૦/– લેખે માસીક રૂ.૯૦૦૦/– થી કરતો હતો અને તા.૨૭/૧/૧૪ ના રોજ સામાવાળાઓની સુચના મુજબ મનજીપુરા કર્મવીર સોસાયટી, નડીયાદ મુકામે નવીન મકાનોની સેન્ટીંગની કામગીરી કરતો

હતો તે સમયે આશરે બપોરના ૩:૦૦ વાગ્યાના સુમારે સેન્ટીંગ કામની પ્લેટો ખોલવાનું કામ કરતા પગ લપસી જવાથી પહેલા માળેથી નીચે જમીન ઉપર પડી જવાથી તેમના પુત્રને ડાબા હાથે કાંડાના ભાગે ફેકચર થયેલ અને કમરના ભાગે મણકામાં, છાતીમાં ગંભીર પ્રકારની ઈજાઓ થયેલી. જેથી તેમના પુત્રને નડીયાદ મુકામે અમી મલ્ટીસ્પેશ્યાલીટી હોસ્પીટલમાં અંદરના દર્દી તરીકે દાખલ કરવામાં આવેલા. ત્યાં તેમના પુત્રના ડાબા હાથે કાંડાના ભાગે ઓપરેશન કરી સળીયા નાંખવામાં આવેલા અને છાતીમાં ગેબી માર વાગેલ હોઈ અને મણકામાં ફેકચર થયેલ હોઈ સારૂ ન થતાં તેમને તા.૩૧/૦૧/૧૪ ના રોજ સીવીલ હોસ્પીટલ અમદાવાદ મુકામે દાખલ કરવામાં આવેલા. જયાં તા.૦૬/૦૨/૧૪ સુધી અંદરના દર્દી તરીકે સારવાર લેવી પડેલી અને સારવાર દરમ્યાન તા.૦૬/૦૨/૧૪ ના રોજ તેમના પુત્રનું મૃત્યુ થયેલ હતુ. અરજદારે તેમની અરજી દાખલ કરી ત્યારે સામાવાળા તરીકે માત્ર ભરતભાઈ લાલજીભાઈ પ્રજાપતિને સામાવાળા તરીકે બતાવી માત્ર તેમની વિરૂધ્ધ અરજી દાખલ કરેલી. ત્યારબાદ સામાવાળા ભરતભાઈએ હાજર થઈ આંક–૧૯ થી અરજી આપી ગુજરનાર મનજીપુરા કર્મવીર સોસાયટી નડીયાદમાં કામ કરતા હતા તેનો કોન્ટ્રાકટ તેમણે લીધેલ ન હતો. પણ, કર્મવીર બિલ્ડર્સનાએ તે કોન્ટ્રાકટ જતિનભાઈ ઘનશ્યામભાઈ પટેલને આપેલ હતો. જેથી તે બંનેને આ કામે પક્ષકાર તરીકે જોડવા દાદ માંગેલી અને અરજી સાથે તેમણે તા.૧૧/૦૫/૧૩ ના રોજનું કર્મવીર બિલ્ડર્સના પાર્ટનરે જતીનભાઈ ધનશ્યામભાઈ કાછીયા પટેલને કર્મવીર સુંદરવન–૩ માં ચણતર, પ્લાસ્ટર અને આરસીસીના લેબર કોન્ટ્રાકટર તરીકે કામ આપેલ છે તે બાબતના પ્રમાણપત્રની ઝેરોક્ષ રજુ કરેલ. જેથી સુચિત પક્ષકારોને નોટીસ કાઢવામાં આવતાં નોટીસ બજયા બાદ પણ સુચિત પક્ષકાર કર્મવીર બિલ્ડર્સ તરફે એડવોકેટશ્રી હાજર થયા પછી પણ કોઈ જવાબ રજુ કરવામાં ન આવતાં તા.૩૦/૦૭/૧૯ ના રોજ હુકમ કરી સુચિત પક્ષકારને આ કામે સામાવાળા નં.ર અને સામાવાળા નં.૩ તરીકે જોડવામાં આવેલા છે. સામાવાળા નં.૧ નાએ તેઓના લેખિત જવાબમાં ગુજરનાર જે જગ્યાએ કામ કરતા હતા તે જગ્યાનો કોન્ટ્રાકટ તેમણે લીધેલ નહી હોવાનું અને ગુજરનાર તેમના કામદાર ન હોવાનું જણાવેલું છે. સામાવાળા નં.ર અને ૩ તરફે તેઓને પક્ષકાર તરીકે જોડયા પછી કોઈ જવાબ તેમણે રજુ કરેલો નથી.

પક્ષકારોના પક્ષ નિવેદન ધ્યાને રાખી રેકર્ડ જોઈએ તો, અરજદાર અભેસીંગ ફતાભાઈ બારીઆએ આંક–૧૭ થી આપેલ એફિડેવીટની જુબાનીની સામાવાળા નં.૧ તરફે થયેલ ઉલટમાં ભરતભાઈ પ્રજાપતિને ત્યાં તેમનો દિકરો કામ કરતો હતો તેવો કોઈ મૌખિક કે લેખિત દસ્તાવેજ હાજરી પત્રક કે ઓળખ કાર્ડ રજુ કરેલ નહી હોવાનું સ્વીકારેલું છે. સામાવાળાની સાઈટ ઉપર તેમનો દિકરો કામ કરતો હતો તેનો કોઈ આધાર પુરાવો રજુ કરેલ નથી તે વાત ખરી હોવાનું અને કોની સુચનાથી કોની સાઈટ ઉપર ગુજરનાર કામ કરતા હતા તેના નામ, સરનામા અરજીમાં જણાવેલ નથી તે વાત ખરી હોવાનું સ્વીકારેલું છે. અરજદાર તરફે તપાસવામાં આવેલા આંક–૪૦ ના સાક્ષીએ પણ તેમની ઉલટમાં તેઓ અને ગુજરનાર સામાવાળાને ત્યાં કામ કરતા હતા તે બતાવતો કોઈ આધાર પુરાવો રજુ કરેલ નહી તે વાત ખરી હોવાનું અને સામાવાળા પૈકી કોના ત્યાં કોના માર્ગદર્શન હેઠળ કામ કરતા હતા તેની વિગત જણાવેલ નથી તે વાત ખરી નહી હોવાનું તથા ગુજરનારના અકસ્માત બાબતે

તેમના સગા સંબંધી અને પોલીસમાં તેમણે કોઈ જાણ કરેલ નથી તે વાત ખરી હોવાનું સ્વીકારેલું છે. અરજદારના મૌખિક પુરાવા વિરૂધ્ધ સામાવાળા નં.૧ નાએ આપેલ આંક–૪૬ ના સોગંદનામામાં તેઓએ તેમના જવાબની વિગતોને સોગંદ પર સમર્થન આપેલ છે. ઉલટમાં તેઓએ કર્મવીર સોસાયટીનું નવીન બાંધકામ કર્મવીર બિલ્ડર્સ કરતા હતા તે વાત ખરી હોવાનું, જયંતીભાઈ ઘનશ્યામભાઈ પટેલ અને તેમણે કોન્ટ્રાકટર તરીકેનું કામ સામાવાળા નં.ર પાસેથી લીધેલ તે વાત ખરી નહી હોવાનું, તેઓ રકમાભાઈ માનસીંગભાઈને ઓળખતા નથી, દિપકભાઈ છગનભાઈ પરમાર તેમના હાથ નીચે કામ કરતા હતા તે વાત ખરી નહી હોવાનું, અકસ્માતના બનાવની જાણવા જોગ ફરીયાદ તેમણે પોલીસ સ્ટેશનમાં આપેલ તે વાત ખરી નહી હોવાનું અને ગુજરનારને સારવાર પેટે લમસમ રૂા.૨૫,૦૦૦/– તેમણે આપેલ તે વાત ખરી નહી હોવાનું તથા જીગ્નેશભાઈ અભેસીંગભાઈ બારીયા (ગુજરનાર)તેમના ૭૬ કારીગરો સાથે તે સમયે તેમને ત્યાં કામગીરી કરતા હતા તે વાત ખરી નહી હોવાનું જણાવેલું છે. આમ મૌખિક પુરાવો અને રેકર્ડ જોતાં અરજદાર તરફે ગુજરનાર સામાવાળા નં.૧ ના કામદાર હતા કે સામાવાળા નં.૧ નાએ સામાવાળા નં.ર કર્મવીર બિલ્ડર્સ ધ્વારા બાંધવામાં આવતી કર્મવીર સોસાયટીના બાંધકામનો કોન્ટ્રાકટ લીધેલ હતો તે દર્શાવતા કોઈ પુરાવા રજુ થયેલા નથી. સામાવાળા નં.૧ ભરતભાઈએ પક્ષકાર તરીકે જોડવા દાદ માંગતી અરજી સાથે રજુ કરેલ સામાવાળા નં.ર કર્મવીર બિલ્ડરે લખી આપેલ તા.૧૧/૦૫/૧૩ ના પ્રમાણપત્રની વિગતોને આ કામે સામાવાળા નં.ર,૩ નાએ હાજર થઈ પડકારેલ નથી. કર્મવીર બિલ્ડર્સ તરફે એડવોકેટશ્રી હાજર થયા બાદ તેઓએ પોતાનો કોઈ જવાબ રજુ કરેલ નથી કે સદર પ્રમાણપત્રોની વિગતોને પડકારતો કોઈ પુરાવો આપેલો નથી. ગુજરનાર બનાવ સમયે કર્મવીર બિલ્ડર્સની સાઈટ ઉપર સેન્ટીંગનું કામ કરતા હતા અને પડી ગયેલા હતા તે બાબતે અરજદારે જવાહર પોલીસ ચોકી નડીયાદમાં જાણવા જોગ ફરીયાદ રજી.એડી.થી મોકલેલ, જે બજયાની રજી.એડી.સ્લીપ નિ.૧૫/ર થી અરજદારે રજુ કરેલી છે. અરજદારે રજુ કરેલા નિ.૧૫/૩ ના તા.૩૧/૦૧/૧૪ ના ડૉ.ઘનશ્યામ શોઢા, અમી મલ્ટીસ્પેશ્યાલીટી હોસ્પીટલનાએ લખી આપેલ રેફરન્સ ઓર્ડરમાં ગુજરનાર જીગ્નેશભાઈ તેમની હોસ્પીટલમાં તા.૨૭/૦૧/૧૪ ના રોજ ૪ઃ૦૦ વાગ્યાના અરસામાં કડીયા કામ કરતા ઉંચાઈ પરથી પડી જતાં અકસ્માત ઈજા થયેલ તે કારણે દાખલ કરવામાં આવેલ હતા અને ઈજાઓમાં તેમને ખુબજ બેક પેઈન થતુ હતુ, ડાબા હાથના કાંડામાં દુઃખાવો થતા સોજો આવેલ હતો, તેમને ડી–૧૨ અને એલ–૧ મણકામાં ફેકચર થયેલ હતુ અને બે દિવસ બાદ તેમને કંપ્લીટ પેરાપલેજીયા થઈ ગયેલ હતો અને તેમને વધારે સારવારની જરૂર હોવાથી સિવિલ હોસ્પીટલ અમદાવાદમાં ટ્રાન્સફર કરવામાં આવે છે તેમ જણાવેલું છે. સિવિલ હોસ્પીટલ અમદાવાદની ઓ.પી.ડી. કેસ પુસ્તિકામાં જે નિ.૧૫/૪ થી રજુ થયેલી છે તેમાં પણ કડીયા કામ કરતા પડી ગયેલ હોવાનું હિસ્ટ્રીમાં જણાવેલું છે. જેથી ગુજરનારને કડીયા કામ કરતા થયેલ અકસ્માત ઈજાઓ અને તે કારણે થયેલ પેરાપલેજીયા તેમજ સેપ્ટીસેમીયાની સારવાર કરતા દરમ્યાન તેઓનું મૃત્યુ થયેલ હતુ તેવું સદર સારવારના કાગળો આધારે સાબીત થાય છે. ગુજરનાર સામાવાળા નં.ર ને ત્યાં કડીયા કામ કરતા હતા તે બાબતને અરજદાર અને તેમના આંક–૪૦ સાક્ષી દિલીપભાઈ છગનભાઈ બારીયાએ સોગંદ પર સમર્થન આપેલું છે. સામાવાળા નં.ર નાએ આંક–૪૦ ના સાક્ષીની કોઈ ઉલટ તપાસ કરેલી નથી. જેથી તેઓની જુબાની

સામાવાળા નં.૨ પૂરતી અનચેલન્જ રહેલી છે. જેથી ગુજરનારને થયેલ અકસ્માત ઈજા સામાવાળા નં.૨ ની સાઈટ ઉપર કામગીરી કરતા દરમ્યાન થયેલ હોવાનું માની શકાય તેમ છે. આ કામે સામાવાળા નં.૩ ને પક્ષકાર તરીકે જોડયા બાદ તેઓને નોટીસ કાઢવામાં આવતાં સામાવાળા નં.૩ તા.૨૧/૦૫/૧૪ ના રોજ આપઘાત કરી ગુજરી ગયેલ હતા તે દર્શાવતા દસ્તાવેજો આંક–૨૮ ની નોટીસ સાથે કેસ પેપર્સમાં સામેલ કરવામાં આવેલા છે. સામાવાળા નં.૩ ગુજરી ગયા પછી તેઓના વારસોને અરજદારો રેકર્ડ ઉપર લાવેલા નથી અને આંક–૩૪ ની અરજી આધારે તેમણે સામાવાળા નં.૩ ને ડીલીટ કરેલા છે. તા.૧૧/૦૫/૧૩ ના સામાવાળા નં.૨ નાએ આપેલ પ્રમાણપત્ર મુજબ સામાવાળા નં.૩ ને સામાવાળા નં.૨ નાએ ચણતર, પ્લાસ્ટર અને આરસીસીનો લેબર કોન્ટ્રાકટ કર્મવીર સુંદરવન–૩ માં કામ કરવાનો આપેલ હતો. ગુજરનાર સેન્ટીંગની કામગીરીમાં રોકાયેલ હતા. જેથી સામાવાળા નં.૩ નાએ ગુજરનારને સામાવાળા નં.૨ ના કોન્ટ્રાકટની કામગીરીમાં કામ ઉપર રોકેલા હોઈ શકે છે. જેથી સામાવાળા નં.૩ ગુજરનારના સંદર્ભમાં સીધા માલિક બને છે. પણ, સામાવાળા નં.૩ ને આ કામે ડીલીટ કરવામાં આવેલા હોય તેમના વિરૂધ્ધ કોઈ હુકમ આ કામે કરવાનો રહેતો નથી. જેથી સામાવાળા નં.૨ કાયદાની કલમ–૧૨ મુજબ મુખ્ય માલિક બનતા હોઈ અને મુખ્ય માલિક પાસેથી પણ કામદાર કે તેના મુત્યુના કિસ્સામાં તેના આશ્રિતો વળતરની રકમ સીધી મેળવી શકે તેમ હોઈ મુદૃા નં.૨ નો જવાબ સામાવાળા નં.૨ પૂરતો હકારમાં આપવામાં આવે છે. કાયદાની કલમ–૧૨ નીચે મુજબ છે.

## Sec.12

**"Contracting"**

**(1)** Where any person (hereinafter in this section referred to as the principal) in the course of or for the purposes of his trade of business contract with any other person (hereinafter in this section referred to as the contractor) for the execution by or under the contractor of the whole or any part of any work which is ordinarily part of the trade of business of the principal, the principal shall be liable to any workman employed in the execution of the work any compensation which he would have been liable to pay if the workman had been immediately employed by him; and where compensation is claimed from the principal, this Act shall apply as if references to the principal were substituted for references to the employer except theat the amount of compensation shall be calculated with reference to the wages of the workman under the employer be whom he is immediately employed.

**(2)** Where the principal is liable to pay compensation under the section, he shall be entitled to be indemnified by the contractor,or any other person from whom the workman could have recovered compenstion and

where a contractor who is himself a principal is liable to pay compensation or to indemnify a principal under this section he shall be entitled to be indemnified by any person standing to him in the relation of a contractor from whom the workman could have recovered compensation, and all questions as to the right to and the amount of any such indemnity shall, in default of agreement, be settled by the Commissioner.

**(3)** Nothing in this section shall be construed as preventing a workman from recovering compensation from the contractor instead of the principal.

**(4)** This section shall not apply in any case where the accident occurred elsewhere that on, in or about the premises on which the principal has undertaken or usually undertakes, as the case may be, to execute the work or which are otherwise under his control or management.

**(સી)** આ કામે ત્રીજો મુદ્દો ગુજરનારનું સામાવાળાની નોકરી દરમ્યાન અને નોકરીના કારણે અકસ્માત મૃત્યુ થયેલ છે કે કેમ? તે બાબતનો છે. ઉપરના પેરામાં જણાવ્યુ છે તે મુજબ સામાવાળા નં.૨ નાએ સામાવાળા નં.૩ ને તેઓની કર્મવીર સુંદરવન–૩ સ્કીમમાં ચણતર, પ્લાસ્ટર અને આરસીસીના કામનો કોન્ટ્રાકટ આપેલો, જે કામગીરીમાં ગુજરનાર સેન્ટીંગની કામગીરી કરતા હતા તે દરમ્યાન અકસ્માતે પડી જતા થયેલ ઈજાની સારવાર દરમ્યાન ગુજરનારનું મૃત્યુ થયેલ હોઈ મુદ્દા નં.૩ નો જવાબ સામાવાળા નં.૨ પૂરતો હકારમાં આપવામાં આવે છે.

આ કામે આંક–૧૫ ના લીસ્ટથી રજુ કરવામાં આવેલ દસ્તાવેજોમાં નિ.૧૫/૪ ના સિવિલ હોસ્પીટલ અમદાવાદ ધ્વારા આપવામાં આવેલા મરણના પ્રમાણપત્રમાં ગુજરનારનું મૃત્યુ કુદરતી મૃત્યુ હોવાનું જણાવેલું છે. પણ, તે સર્ટીફિકેટમાં ગુજરનારને આઈ.સી.યુ. વોર્ડમાં ઓર્થોપેડિક વિભાગમાં તા.૩૧/૦૧/૧૪ થી દાખલ કરવામાં આવેલા અને તા.૦૬/૦૨/૧૪ સુધી સારવાર લીધેલ હતી તેમ જણાવેલું છે અને તા.૦૬/૦૨/૧૪ ના રોજ સવારના ૬:૩૦ કલાકે મૃત્યુ પામેલા તેમ જણાવેલું છે. જેથી ગુજરનારને થયેલ અકસ્માત ઈજાના કારણે તેમનું મૃત્યુ થયેલ હતુ તેવું માનવાને કારણ રહે છે અને સામાવાળા નં.૨ તરફે વિરૂધ્ધના કોઈ પુરાવા રજુ થયેલ ન હોઈ મુદ્દા નં.૩ નો જવાબ સામાવાળા નં.૨ પૂરતો હકારમાં આપવામાં આવે છે.

**(ડી)** આ કામે ચોથો મુદ્દો અકસ્માત તારીખે ગુજરનારના માસીક વેતન અને ઉંમર બાબતનો છે. અરજદારોએ તેમની અરજીમાં ગુજરનારનો દૈનિક રૂા.૩૦૦/– લેખે ૩૦ દિવસનો પગાર રૂા.૯૦૦૦/– હતો તેમ જણાવેલું છે. આ કામે અગાઉના પેરામાં ચર્ચા કરી તે મુજબ સામાવાળા નં.૨ ના કોન્ટ્રાકટની કામગીરીમાં સામાવાળા નં.૩ નાએ ગુજરનારને કામ ઉપર રોકેલા હોઈ અકસ્માત સમયે ગુજરનારને દૈનિક કે માસીક કેટલી રકમ ચુકવવામાં આવતી હતી? તે અંગે સામાવાળા નં.૩ સ્પષ્ટ માહીતી આપી શકે. પણ, સામાવાળા નં.૩ ને આ કામે ડીલીટ

કરવામાં આવેલા છે. જેથી ગુજરનારને દૈનિક કેટલું વેતન ચુકવવામાં આવતું હતુ તે અંગેનો કોઈ સ્પષ્ટ પુરાવો રેકર્ડ ઉપર આવેલ ન હોઈ અને સામાવાળા નં.૨ તરફે વિરૂધ્ધના કોઈ પુરાવા રેકર્ડ ઉપર રજુ થયેલ ન હોઈ અરજદારોની રજુઆત નહી માનવા માટે કોઈ કારણ રહેતુ નથી. પરંતુ, અકસ્માત તા.૨૭/૦૧/૨૦૧૪ ના રોજ બનેલ હોઈ તા.૧૫/૦૧/૨૦૧૦ થી કાયદામાં અમલમાં આવેલ સુધારા અને તા.૩૧/૦૫/૨૦૧૦ થી અમલમાં આવેલા વેતનના સુધારા અન્વયે અકસ્માત તારીખે પ્રર્વતમાન કાયદાની પરિસ્થિતિ મુજબ વળતરની ગણતરી માટે ગુજરનારનું મહતમ વેતન રૂા.૮૦૦૦/–ધ્યાને લેવાનું ઠરાવવામાં આવે છે.

આ કામે અરજદારો તરફે નિ.૧૫/૫ થી ગુજરનારના સ્કુલ લીવીંગ સર્ટીફિકેટની નકલ રજુ કરવામાં આવેલી છે. જેમાં ગુજરનારની જન્મ તારીખ:૧૫/૦૯/૧૯૯૪ ની દર્શાવેલ છે. ગુજરનારને અકસ્માત ઈજા તા.૨૭/૦૧/૨૦૧૪ ના રોજ થયેલ હોઈ તે અગાઉની જન્મ તારીખ:૧૫/૦૯/૨૦૧૩ ના રોજ ગુજરનારે ૧૯ વર્ષ પૂર્ણ કરેલા હોઈ વળતરની ગણતરી માટે ગુજરનારની ઉંમર ૧૯ વર્ષ ધ્યાને લેવાનું કાયદાની કલમ–૪, શીડયુલ–૪ લક્ષમાં લેતાં ઠરાવવામાં આવે છે. કાયદાની કલમ–૪ તથા શીડયુલ–૪ ની જોગવાઈ નીચે મુજબ છે.

**કલમ–૪ વળતરની રકમ**

(૧) આ અધિનિયમની જોગવાઈઓને આધિન વળતરની રકમ નીચે પ્રમાણે રહેશે.

**(એ)....**

**(બી)....**

**ખુલાસો :**(૧) કલોઝ (એ) અને (બી) ના હેતુઓ માટે કામદારના સંબંધમાં સુસંગત પરિબળ એટલે વળતર લેણું થાય તે તારીખ તરત અગાઉના કામદારના છેલ્લા જન્મ દિવસે તેની ઉંમરના પુરા થતા વર્ષો જેટલા જ વર્ષોની સંખ્યા નિયત કરતાં પરિશિષ્ટ–૪ ના પ્રથમ કોલમમાં અપાયેલ નોંધ સામે તે જ પરિશિષ્ટના બીજા કોલમમાં નિર્દિષ્ટ કરાયેલ પરિબળ.

**(સી)....**

**(ડી).....**

**અનુસૂચિ –૪**

**(જુઓ કલમ–૪)**

| | |
|---|---|
| કાયમી અશકતતા અને મૃત્યુની બાબતમાં ઉચ્ચક વળતરની ગણતરી કરવા માટેના અવયવો જે તારીખે વળતર લેણુપડે તેની તરત પહેલાં આવતી કામદારની છેલ્લી જન્મ તારીખે ઉંમરના પૂરેપુરા વર્ષ | અવયવો |

**(ઈ)** આ કામે પાંચમો મુદ્દો અરજદારો સામાવાળા પાસેથી વળતરની રકમ મેળવવા હકકદાર થાય છે કે કેમ? તે બાબતનો છે. આ કામે સામાવાળા નં.૨ નાએ સામાવાળા નં.૩ ને તેમના ધંધા અને વેપારને લગતી કોન્ટ્રાકટથી આપેલ કામગીરીમાં કામ કરતા દરમ્યાન ગુજરનારનું અકસ્માત મૃત્યુ થયેલ હોઈ સામાવાળા નં.૨ સીધા માલિક તરીકે વળતરની રકમ ગુજરનારના આશ્રિતોને ચુકવી આપવા જવાબદાર ઠરે છે.

વળતરની ગણતરી કરીએ તો, અકસ્માત મૃત્યુ સમયે વળતરની ગણતરી માટેના ગુજરનારના માસીક વેતન રૂ.૮૦૦૦/– ની ૫૦% રકમ રૂ.૪૦૦૦/– ને ગુજરનારની ઉંમર ૧૯ વર્ષ સામે કાયદાના શીડયુલ–૪ માં દર્શાવેલ સંબંધીત ગુણાંક ૨૨૫.૨૨ સાથે ગુણતાં રૂ.૯,૦૦,૮૮૦/– (અંકે રૂપિયા નવ લાખ આઠસો એંસી પુરા) અકસ્માત મૃત્યુના વળતરની રકમ આવે છે, જે રકમ અરજદારો સામાવાળા નં.૨ પાસેથી વસુલ મેળવવા હકકદાર બને છે.

**(એફ)** આ કામે છઠ્ઠો મુદ્દો અરજદાર સામાવાળાઓ પાસેથી વ્યાજ તથા પેનલ્ટીની રકમ મેળવવા હકકદાર થાય છે કે કેમ? સામાવાળા નં.૨ નાએ તા.૧૧/૦૫/૧૩ ના આપેલ પ્રમાણપત્ર મુજબ સામાવાળા નં.૩ ને સામાવાળા નં.૨ નાએ ચણતર, પ્લાસ્ટર અને આરસીસીનો લેબર કોન્ટ્રાકટ કર્મવીર સુંદરવન–૩ માં કામ કરવાનો આપેલ હતો તે કામગીરીમાં સામાવાળા નં.૩ નાએ ગુજરનારને રોકેલા હોવાથી સામાવાળા નં.૩ ગુજરનારના સંદર્ભમાં સીધા માલિક બને છે. પણ, સામાવાળા નં.૩ ને આ કામે ડીલીટ કરવામાં આવેલા હોય તેમના વિરૂધ્ધ કોઈ હુકમ આ કામે કરવાનો રહેતો નથી. આ કામે સામાવાળા નં.૨ ની જવાબદારી કાયદાની કલમ–૧૨ મુજબ મુખ્ય માલીક તરીકે થાય છે. કાયદાની કલમ–૧૨ માં માત્ર વળતરની રકમનો ઉલ્લેખ હોઈ વ્યાજ અને પેનલ્ટીની જવાબદારી માટે સામાવાળા નં.૨ જવાબદાર થતા નથી. જેથી મુદ્દા નં.૬ નો જવાબ વ્યાજ અને પેનલ્ટી પૂરતો નકારમાં આપવામાં આવે છે. કાયદાની કલમ– ૪–એ નીચે મુજબ છે.

**કલમ–૪–એ :**

**4A** Compensation to be paid when due and penalty for default.

**(1)** Compensation under section 4 shall be paid as soon as it falls due.

**(2)** In case where the employer does not accept the liability for compensation to the extent claimed, he shall be bound to make provisional payment based on the extent of liability which he accept, and, such payment shall be deposited with the commissioner or made to the [employee], as the case may be, without prejudice to the right of the [employee] to make any further claim.

**(3)** where any employer is in default in paying the compensation due under this act within one month from the date it fell due, the commissioner shall,

**(a)** direct that the employer shall, in addition to the amount of the arrears,pay simple interest thereon at the rate of twelve percent. per annum or at such higher rate not exceeding the maximum of the lending rates of any scheduled bank as may be specified by the central government, by notification in the official gazette, on the

amount due ; and

**(b)** if in his opinion, there is no justification for the delay, direct that the employer shall, in addition to the amount of the arrears and interest thereon, pay a further sum not exceeding fifty percent of such amount by way of penalty provoded that an order for the payment of penalty shall not be passed under clause(b) without giving a reasonable opportunity to the employer to show cause why it should not be passed.

Explanation – for the purposes of this subsection, "scheduled bank" means a bank for the time being included in the second schedule to the reserve bank of india act, 1934 (2 of 1934).

**(જી)** આ કામે સામાવાળા નં.૨ ધ્વારા અરજદારોને વળતરની રકમ ન ચુકવવાના કારણે અરજદારોને આ અરજી કરવી પડેલ હોઈ અરજી ખર્ચના રૂા.૩૦૦૧/– (અંકે રૂપિયા ત્રણ હજાર એક પુરા) અરજદારોને ચુકવી આપવા સામાવાળા નં.૨ ને જવાબદાર ઠરાવવામાં આવે છે.

**(એચ)** કાયદાની કલમ–૪(૪) મુજબ ગુજરનારના અંતિમક્રિયાના ખર્ચની રકમ સામાવાળા નં.૨ એ ચુકવી આપેલ હોય તે દર્શાવતો કોઈ પુરાવા રજુ થયેલ ન હોઈ અકસ્માત મૃત્યુ તારીખે પ્રર્વતમાન કાયદાની પરીસ્થિતિ મુજબ અંતિમક્રિયાના ખર્ચની રકમ રૂા.૫૦૦૦/– (અંકે રૂપિયા પાંચ હજાર પુરા) અરજદારોને ચુકવી આપવા આથી સામાવાળા નં.૨ ને જવાબદાર ઠરાવવામાં આવે છે. કાયદાની કલમ–૪(૪) નીચે મુજબ છે.

**section-4-4**

**(4)** If the injury of the workman results in his death, the employer shall in addition to the compensation under sub section(1), deposit with the Commissioner a sum of [five thousand rupees] for payment of the same to the eldest surviving dependant of the works towards the expenditure of the funeral of such workman or where workman did not have a dependent or was not living with his dependent at the time of his death to the person who actually incurred such expenditure.

**(આઈ)** આ કામે અરજદારો તરફે રજુ થયેલ નિ.૧૫/૭ ના ગુજરનારની સારવારના બીલોની રકમ સામાવાળા નં.૨ નાએ ચુકવી આપેલ હોય તેવો કોઈ પુરાવો રજુ કરેલ

ન હોઈ કાયદાની કલમ–૪(૨એ) મુજબ સારવારના ખર્ચની રકમ રૂા.૨૯,૯૪૦/– (અંકે રૂપિયા ઓગણત્રીસ હજાર નવસો ચાલીસ પુરા) અરજદારોને ચુકવી આપવા સામાવાળા નં.૨ જવાબદાર બને છે. કાયદાની કલમ–૪(૨એ) નીચે મુજબ છે.

**<u>કલમ–૪(૨એ)</u>**

The employee shall be reimbursed the actual medical expenditure incurred by him for treatment of injuries caused during the course of employment.

**(૧૭)** જેથી કેસનું રેકર્ડ તથા કાયદાની પરિસ્થિતિ લક્ષમાં લઈ ન્યાયના હિતમાં નીચે મુજબનો હુકમ કરવામાં આવે છે.

**–:: હુકમ ::–**

**(૧)** આથી આ કામના સામાવાળા નં.૨ ને ગુજરનાર જીગ્નેશકુમાર અભેસિંગ બારીયાના અકસ્માત મૃત્યુના વળતરની રકમ રૂા.૯,૦૦,૮૮૦/– (અંકે રૂપિયા નવ લાખ આઠસો એંસી પુરા) તથા ખર્ચની રકમ રૂા.૩૦૦૧/– (અંકે રૂપિયા ત્રણ હજાર એક પુરા), અંતિમક્રિયાના ખર્ચની રકમ રૂા.૫૦૦૦/– (અંકે રૂપિયા પાંચ હજાર પુરા) અને સારવારના ખર્ચની રકમ રૂા.૨૯,૯૪૦/– (અંકે રૂપિયા ઓગણત્રીસ હજાર નવસો ચાલીસ પુરા) આ કામના અરજદારોને ચુકવી આપવા માટે જવાબદાર ઠરાવવામાં આવે છે.

**(૨)** આથી સામાવાળા નં.૨ ને હુકમ કરવામાં આવે છે કે, આ હુકમની જાણ થયાના દિન–૩૦ માં તેઓએ અરજદારોને ચુકવવાપાત્ર થતાં વળતર, ખર્ચ, અંતિમક્રિયાના ખર્ચની રકમ અને સારવારના ખર્ચની રકમ અત્રેની કચેરીમાં જમા કરાવવી.

**(૩)** સામાવાળા નં.૧ સામેની દાદ આથી રદ કરવામાં આવે છે.

**(૪)** વ્યાજ અને પેનલ્ટીની દાદ રદ કરવામાં આવે છે.

**(૫)** સદર હુકમ આજરોજ ખુલ્લી અદાલતમાં વાંચી સંભળાવી જાહેર કર્યો.

તારીખ:૨૦/૦૧/૨૦૨૨
સ્થળ :દાહોદ

**(દિપકકુમાર જયંતીલાલ ચૌહાણ)**
**જીજે૦૦૭૮૦**
**કમિશનર**
**કર્મચારી વળતર ધારો**
**મજુર અદાલત, દાહોદ**